ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આર.ટી.ઓ. કચેરીની આવકમાં રૂ. ૯.૮૫ કરોડનો વધારો થયો

## વર્ષ-૨૦૧૪માં આર.ટી.ઓ. કચેરીને ૯૧.૪૯ કરોડની આવક થઈ

ગાંધીનગર, તા.૧૭

નગરના 'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક અને પેપરલેસ આર.ટી.ઓ. કચેરીને ગત વર્ષમાં રૂ. ૯૧.૯૪ કરોડની આવક થઈ છે. જયારે આર.ટી.ઓ.ની આવકમાં ૯.૮૫ કરોડનો વધારો થયો હોવાનું પણ સ્પષ્ટ થયું છે.

રાજયમાં પ્રથમ હાઈટેક અને પેપરલેસ આર.ટી.ઓ. કચેરી તરીકે ઓળખાતી ગાંધીનગર આર.ટી.ઓ. આવકની દષ્ટિએ પણ અસરકારક પુરવાર થઈ છે. આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક હાઈસિકયુરીટી નંબર પ્લેટ તેમજ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સહીતની જરૂરી તમામ સુવિધાઓએ ઉભી કરવામાં આવી છે. અરજદારોનો સમય ન બગડે તે માટે ઘરે બેઠા સ્માર્ટ આરસી બુક અને લાયસન્સ પણ ઘરે બેઠા મળે તેવી સુવિધા ઉભી કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પુછેલા પ્રશ્નના જવાબમાં વાહનવ્યવહાર મંત્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીને વર્ષ ૨૦૧૪માં રૂ. ૯૧.૪૯ કરોડની આવક થઈ છે જયારે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં ૯.૮૫ કરોડનો વધારો થયો છે.

**આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ ૧ વર્ષમાં ૧૧ લાખની સહાય**

જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા ૨૭ અરજીઓ પૈકી ૨૨ મંજુર કરવામાં આવી છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીએ જણાવ્યું હતું કે લગ્ન સહાય યોજના હઠળ લાભ મેળવવા ૨૨ અરજીઓને મંજુરી અપાઈ છે જયારે આ અન્વયે રૂ. ૧૧ લાખની સહાય ચુકવવામાં આવી છે.

જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળના ૩૧ ડીસેમ્બર વર્ષ ૨૦૧૪ની સ્થિતિએ અનુસૂતિ જાતિના ૧૦ વિદ્યાર્થીઓની અરજીઓ વિભાગને મળી હતી. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે આ ૧૦ અરજીઓ પૈકી ૭ કિસ્સામાં મંજુરી આપવામાં આવી હતી. જયારે મંજુર અરજીઓ અન્વયે વિભાગ દ્વારા ૯૫ લાખની લોન ચુકવવામાં આવી છે.

**ઔદ્યોગિક ભરતી મેળામાં ૯૬૦૫ને રોજગારી**

જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા એક વર્ષમાં જિલ્લામાં ૩૫ ઔદ્યોગિક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક ભરતી મેળા દરમિયાન ૯૬૦૫ને રોજગારી પુરી પાડવામાં આવી છે.



**વિધાનસભામાં ગાંધીનગર** - ધનંજય જોષી



ગરમીના એંધાણ - શિયાળાની વિદાય અને ઉનાળાના આગમનનો મિશ્ર અનુભવ આજકાલ થઈ રહ્યો છે... સાંજ પડે ઠંડી લાગે અને બપોર થતાં જ ગરમી લાગે... ઉનાળો હવે લગભગ આરંભાયો છે ત્યારે ગોગલ્સ અને કેપ ઠેર-ઠેર નજરે પડે છે... હવે ત્રણ મહિના સુધી માર્ગોના ખૂણાઓ પર આ દશ્યો નિહાળવા મળશે...

# જિલ્લામાં ચોરી, અપહરણ, લૂંટ, બળાત્કાર અને આપઘાતના વધતા બનાવો

## પોલીસ-પ્રજા વચ્ચેનો સેતુ મજબુત બનાવવાની અનિવાર્યતા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં ચોરીના ૨,૨૭૦, લૂંટના ૧૦૭ અને બળાત્કારના ૮૧ બનાવોના ગુના પોલીસ ચોપડે નોંધાયા છે. ગુન્હાઓના પ્રમાણમાં આપઘાતના બનાવોનું પ્રમાણ પણ નોંધપાત્ર છે. છેલ્લા ૫ વર્ષમાં ૮૧૪ આપઘાતના બનાવો બનવા પામ્યા છે. જિલ્લામાં વધતા ચોરી, લૂંટ, બળાત્કાર અને આપઘાતના ગુન્હાઓનું પ્રમાણ સમાજ અને પોલીસતંત્ર માટે ઘેરી ચિંતાનો વિષય છે.

વિધાનસભાની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં સરકાર દ્વારા રજુ કરાયેલા લેખિત જવાબમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગુનાઓનો ચિતાર દર્શાવાયો છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા ૫ વર્ષમાં ગુનાખોરીનું વધતુ પ્રમાણ સમાજ માટે ચિંતાનો વિષય બની છે. જેમાં ચોરી ઉપરાંત બળાત્કાર, લૂંટ અને આપઘાતના કીસ્સાઓ પણ વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. જિલ્લામાં ગુનાખોરીનુ પ્રમાણ ડામવા પોલીસતંત્રનો મેનપાવર વધારવા ઉપરાંત સઘન પેટ્રોલીંગ માટે પણ સમયાંતરે પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ પોલીસ અને પ્રજા વચ્ચે મજબૂત સેતુ રચાય તે માટે પણ જનજાગૃતિના માધ્યમ થકી પ્રયાસો હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ગુણવત્તાયુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે પોલીસ-પ્રજા વચ્ચે ફ્રેન્ડલી અભિગમ વધુ મજબૂત બને તેવા પ્રયાસો હાથ ધરવા પણ સૂર ઉઠવા પામ્યો છે.

### જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં નોંધાયેલા ગુના

| ગાંધીનગર જિલ્લો | ચોરી | લૂંટ | ધાડ | બળાત્કાર | અપહરણ | આપઘાત | આપઘાતના પ્રયાસ |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ-૨૦૦૯-૧૦ | ૬૧૬ | ૧૭ | ૬ | ૮ | ૩૦ | ૧૪૨ | ૧ |
| વર્ષ-૨૦૧૦-૧૧ | ૪૬૫ | ૧૭ | ૬ | ૧૬ | ૨૪ | ૧૭૮ | ૨ |
| વર્ષ-૨૦૧૧-૧૨ | ૪૪૫ | ૨૭ | ૬ | ૧૭ | ૨૬ | ૧૫૨ | ૦ |
| વર્ષ-૨૦૧૨-૧૩ | ૩૮૦ | ૧૫ | ૪ | ૨૪ | ૫૩ | ૧૮૧ | ૦ |
| વર્ષ-૨૦૧૩-૧૪ | ૩૬૪ | ૩૧ | ૪ | ૧૬ | ૮૭ | ૧૬૧ | ૦ |
| કુલ | ૨,૨૭૦ | ૧૦૭ | ૨૬ | ૮૧ | ૨૨૦ | ૮૧૪ | ૩ |

# વસંત સંપાત દિને દિવસ અને રાત બન્ને સરખા થશે

## તા. ૨૦મી માર્ચ વસંત સંપાત દિવસ તરીકે ઓળખાય છે : તા. ૨૧ માર્ચથી ગરમી વધવાની અને દિવસ લંબાવાની શરૂઆત થાય છે

ગાંધીનગર, તા. ૧૭

આગામી ૨૦મીને શુક્રવારે દિવસ અને રાત બન્ને સરખા થશે. ત્યારબાદ તા. ૨૧મી માર્ચથી દિવસ લાંબો થતો જશે. જે તા. ૨૧મી જૂને વર્ષના સૌથી લાંબા દિવસ સુધી ચાલશે. તા. ૨૦મી માર્ચને વસંત સંપાત ખગોળીય દિવસ તરીકે ઓળખવામાં આવે છે.

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવાય છે. તા. ૨૦મી માર્ચે સંપાત દિવસ હોવાથી દિવસ અને રાત બન્ને સરખા થઈ જાય છે. આ વર્ષે પણ તા. ૨૦મી માર્ચે દિવસ ૧૨ કલાક અને ૦૧ મિનિટનો જ્યારે રાત્રિ ૧૧ કલાક અને ૫૯ મિનિટની થતા સંપાત દિવસ સર્જાશે. દિવસ-રાતમાં પાંચ થી સાત મિનિટનો ફર્ક એ સમાન દિવસ ગણાય છે તેવુ જાથાના ગુજરાત રાજ્યના ચેમરેન જયંત પંડ્યાએ જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તા. ૨૦મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે તે રીતે તા. ૨૧મી સપ્ટેમ્બરને શરદ સંપાદ તરીકે ઓળખવામાં આવે છે. વસંત સંપાદ દિવસ પછી ગરમી વધવાનુ પ્રારંભ થાય છે. કારણ કે પૃથ્વી પોતાની ધરી પર ૨૩.૫ અંશના ખૂણે નમેલી હોય છે. જેથી હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથું સૂર્ય તરફ તેટલા જ ખૂણે નમેલુ જોવા મળે છે.

# વીજ કરંટથી મૃત્યુ થવાના કીસ્સામાં ૪.૧૯ લાખનું વળતર ચૂકવવા કોર્ટનો આદેશ

## ઉત્તર ગુજરાત વીજ કંપનીને ૯ ટકા વ્યાજ ચુકવવા પણ કોર્ટનો હુકમ

ગાંધીનગર, તા.૧૭

વીજ કરંટથી મૃત્યુ થવાના કીસ્સામાં કોર્ટે ઉત્તર ગુજરાત વીજ કંપનીને ૯ ટકા વ્યાજ સાથે રૂ. ૪.૧૯ લાખ વળતર ચુકવવા કોર્ટે આદેશ કર્યો છે. મૃતકના વારસોને વ્યાજ સહીત રકમ ચુકવવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે તા. ૨ ડીસેમ્બર વર્ષ ૨૦૧૨ના રોજ જિલ્લાના મગોડી ગામમાં રહેતા દશરથજી બચુજી બિહોલા સવારે ૫.૩૦ વાગે હનુમાનવાસ નજીક આવેલ મંદીર તરફ જઈ રહ્યા હતા આ વેળાએ માર્ગમાં વીજળીનો જીવંત તાર તૂટેલી હાલતમાં પડયો હતો. જીવંત વીજ તારના સંપર્કમાં આવવાથી દશરથજી બચુજીનું મોત નિપજયું હતું. આ બાબતે મૃતકના વારસો વજીબેન દશરથજી બિહોલાએ ધ ડેપ્યુટી એન્જિનિયર ઉત્તર ગુજરાત વીજ કંપની ચિલોડા, ચીફ એન્જિનિયર ઉત્તર ગુજરાત વીજ કંપની લી. સાબરમતી તેમજ એન્જિનિયર ગુજરાત ઈલેકટ્રીક કંપની વડોદરા સામે નુકશાન વળતર મેળવવા ગાંધીનગરની ૬ઠ્ઠી એડી. સિનિયર સિવિલ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે મૃતકના વારસો તરફેના વકીલ તરીકે શંકરસિંહ એમ. ગોહીલ તેમજ પ્રતિકસિંહ એમ. ગોહીલે દલીલો કરી હતી. કોર્ટે આ દલીલોના અંતે ઉત્તર ગુજરાત વીજ કંપનીના મૃતકના વારસોને રૂ. ૪.૧૯ લાખ ૯ ટકા વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યો છે.

# આરોપીને ભગાડવાના ગુન્હામાં કોન્સ્ટેબલને ૧ વર્ષની કેદની સજા

## બે વર્ષ પૂર્વે સે-૧૭/૨૨ના વિસ્તારમાં સ્વીફ્ટ કારમાં પોલીસ જવાનને ખેંચી આરોપી નાસી ગયો હતો

ગાંધીનગર, તા.૧૭

બે વર્ષ પૂર્વે શહેરના સે-૧૭/૨૨ વિસ્તારમાંથી આરોપીને ભગાડવાની મદદગારીના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે કોન્સ્ટેબલને ૧ વર્ષની સખત કેદનીસજા ભોગવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત આ કેસમાં અન્ય એક આરોપીને પણ કોર્ટે ૬ માસની કેદની સજાનો હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર વર્ષ ૨૦૧૩ દરમિયાન ચિલોડા તેમજ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં શૈલેન્દ્રસિંહ નાસતા બુટલેગર સામે પ્રોહીબીશનનો કેસ ચાલતો હતો તા. ૧૮ માર્ચ ૨૦૧૩ના રોજ આરોપી શૈલેન્દ્રસિંહ શહેરના સે-૧૭/૨૨ વિસ્તારમાં હોવાની બાતમી સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સે-૨૧ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પ્રદીપસિંહ મનુજીને મળી હતી. આ બાતમીના આધારે પ્રદિપસિંહ તેમજ જવાન દિવ્યકુમાર સાથે આરોપીને પકડવા સ્થળ પર

● અનુસંધાન પાન-૭ પર

# લઘુત્તમ તાપમાન ઘટતા ઠંડકનો અનુભવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના વાતાવરણમાં વારંવાર ફેરફાર થઈ રહ્યો છે કયારેક ગરમી પડે છે તો કયારેક વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે ગઈ કાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૫.૪ ડિગ્રી નોંધાતા વસાહતીઓને પુનઃ બેવડી ઋતુનો અનુભવ થયો હતો.

માર્ચ મહિનો અડધો થયો છતાં હજુ પૂર્ણ પણે ઉનાળો શરૂ થયો ન હોય તેવું વાતાવરણ જોવા મળે છે. દિવસ દરમિયાન કયારેક ખુબ તડકો પડતા ગરમી અનુભવાય છે તો રાત્રે ઠંડી લાગે છે. આકાશમાં વારંવાર ઘેરાઈ આવતા વાદળો વર્ષાઋતુનો અનુભવ કરાવે છે. દિવસ દરમિયાન આજે મહત્તમ તાપમાન ૩૧.૬ ડિસે નોંધાતા આકરા તડકાનો અનુભવ વસાહતીઓએ કર્યો હતો. લઘુત્તમ તાપમાન નીચું આવ્યું છે. ગઈકાલે લઘુત્તમ તામપાન ૧૮ ડિગ્રી જેટલું ઉંચું નોંધાયું હતું જયારે આજે લઘુત્તમ તાપમાન ત્રણેક ડિગ્રી જેટલું ઘટીને ૧૫.૪ ડિસે નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન ઘટતા રાત્રે ઠંડીનો અનુભવ થતો હતો. સ્વેટર પહેરવું પડે તેવી ઠંડક અનુભવાતી હતી. વારંવાર બેવડી અને ત્રેવડી ઋતુનો અનુભવ થતા તેની અસર વસાહતીઓના સ્વાસ્થ્ય પર પડી છે.



હિંચવાની મોજ - આકાશ અને ધરતીની વચ્ચે સતત વિહરતા પક્ષીઓનું નવું સરનામુ એટલે વિજળી કે ટેલીફોનના તાર... આજકાલ વિકાસના નામે વૃક્ષોનું નિકંદન નિકળતું જાય છે... પક્ષીઓનું આશ્રયસ્થાન લૂંટાતું ચાલ્યું, ઝુંટવાતું ચાલ્યું છે ત્યારે વૈકલ્પિક આશ્રય બે થાંભલા વચ્ચેના તાર પર બેસીને ડાળીએ - ડાળીએ ઝુલવાનો આનંદ પક્ષીઓ મેળવે છે... પડવાનો ભય નથી, માત્ર આત્મવિશ્વાસ પક્ષીઓને વિહરવા માટે પર્યાપ્ત છે... આંબાની કે લીમડાની ડાળ જેવી અને જેટલી મજા ન આવવા છતાં બદલાતા સમયના પડકારોમાં પક્ષીઓ પણ સ્થિતિને સ્વિકારે છે... (તસવીર : દિપક જાની)

# ગાંધીવાદી અગ્રણી નારાયણ દેસાઈને વિધાનસભામાં અંજલિ

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત વિધાનસભા ગૃહના નેતા શ્રીમતી આનંદીબહેન પટેલે તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં આજે શોકદર્શક ઉલ્લેખોમાં ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ સ્વ. શ્રી નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભીમજીભાઈ જગન્નાથ પટેલ અને સ્વ. શ્રી જગતાભાઈ પુરાભાઈ પરમારના અવસાન અંગે શોક વ્યક્ત કરી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા, મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શક્તિસિંહ ગોહિલ તથા અન્ય સભ્યશ્રીઓએ પણ શ્રદ્ધાંજલિ આપતાં શોકદર્શક ઉલ્લેખોનું સમર્થન કર્યુ હતુ અને સ્વર્ગસ્થ સભ્યોને શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર સભાગૃહે બે મિનિટનું મૌન પાળી આ સ્વર્ગસ્થ સભ્યોને ભાવાંજલિ અર્પણ કરી હતી.

## બેસણું



અમારા સુપુત્ર **મહેશજી પધાજી ઠાકોર**નું તા. ૧૫/૩/૨૦૧૫ને રવિવારના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૯/૩/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : કૈલાસ સોસાયટી, અડાલજ ગામ, તા.જી. ગાંધીનગર મો. :૯૦૬૭૬૭૭૧૪૦

લિ.

**કલ્પેશ મહેશજી ઠાકોર**
**જસપાલ મહેશજી ઠાકોર**
**પધાજી બકોરજી ઠાકોર**
**શંકરજી પધાજી ઠાકોર**
**મુકેશજી પધાજી ઠાકોર**

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...



bansari
week-end home
Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com